# ગાંભોઈ નાગરિક બેંક મેનેજરનો વિદાય સમારંભ યોજાયો...



ગાંભોઈ, તા.૦૪

હિંમતનગર નાગરિક સહકારી બેંકની ગાંભોઈ શાખાના મેનેજર તરીકે ફરજ બજાવતા અનિલકુમાર ચીમનલાલ દેસાઈની વયનિવૃત થતાં તેમનો ગાંભોઈ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સ્થાનિક ગ્રામજનો તેમજ વેપારીવર્ગ દ્વારા શાલ અને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. આ સમારંભમાં સિદ્ધાર્થસિંહ રહેવર, નટવરભાઈ પટેલ, જશુભાઈ ચૌધરી, મહેન્દ્રસિંહ ચૌહાણ, અલ્પેશસિંહ રાઠોડ, ઉમંગભાઈ સુખડીયા, ધર્મપાલસિંહ રહેવર, બળદેવસિંહ પરમાર, સુરેશસિંહ પરમાર, દિનેશભાઈ સોલંકી સહિત અગ્રણીઓ તેમની સેવાને બિરદાવી હતી.

# ડીસા કોલેજના યજમાન પદે યુનિવર્સિટી ક્રિકેટભાઈઓની ટીમનું સિલેક્શન



ડીસા, તા. ૪

ડીસા કોલેજમાં અનેક રમતોનું આયોજન કરવામાં આવે છે એમ આ વર્ષે પણ યુનિવર્સિટી ચેસ રમતનું આયોજન કર્યા બાદ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓનું સિલેકશન ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના યજમાન પદે ટી.સી.ડી. ગ્રાઉન્ડ ખાતે તારીખ ૪ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાયેલ.જેમાં વિસનગર, વાવ, કડી, જીલીયા, દિયોદર, વડાલી, તલોદ, હીંમતનગર, પાલનપુર, પાટણ, નાની-કડી ડીસા,કાંટ અને જૂના ડીસા વગેરેની વિવિધ કોલેજોના ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ સિલેકશનમાં યુનિવર્સિટીમાંથી શારીરિક શિક્ષણ વિભાગના ડાયરેક્ટર ડૉ. ચિરાગભાઈ પટેલ , બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્ય ડૉ. કિરીટભાઈ પટેલ,રણજી ટ્રોફી રમેલ ખેલાડી રાકેશભાઈ મકવાણા, સિલેકશન કમિટીના મેમ્બરોએ હાજર રહી ખેલાડીઓનું પરફોર્મન્સ તપાસી યુનિવર્સિટીની ટીમનું સિલેકશન કરેલ છે.

# પ્રાંતિજ ખાતે એસટી બસમાંથી ડીઝલની ચોરી થતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે એસટીબસ ડેપોમા પાર્ક કરેલ એસટીબસ બસમાંથી ૬૦ લિટર ડીઝલ ની ચોરી થતા ડેપો મેનેજર દ્વારા અજાણ્યા ડીઝલ ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી.

પ્રાંતિજ ખાતે આવેલ એસટીબસ ડેપોમા રાત્રી દરમ્યાન એસટીડેપો ના કમ્પાઉન્ડ મા પાર્ક કરેલ ય્ન-૧૮-ઢ-૨૮૮૪ નંબર ની બસમાંથી કોઇ અજાણ્યો ડીઝલ ચોર ઈસમ બસ ની ડીઝલ ટાંકી માથી ૬૦ લિટર ડીઝલ જેની કિંમત ૫૪૦૦ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા એસટી ડેપોના મેનેજર ચેતન કુમાર નાનાભાઈ પટેલ દ્વારા આ અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા ડીઝલ ચોર વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૭૯ વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# પાલનપુરની વિદ્યામંદિરથી વિદ્યાર્થીઓના રસીકરણનો પ્રારંભ

પાલનપુર તા. ૪

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થી ઓ માટે આજથી વેકસીનેશન અભિયાન શરૂ થયું છે. જિલ્લાની શાળાઓમાં



અભ્યાસ કરતા ધોરણ ૧૦ થી ૧૨ ના ૨.૨૦ લાખ વિદ્યાર્થીઓને વેક્સિન આપવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં આજથી રાજ્ય સરકારના નિર્દેશ મુજબ ૧૫ થી ૧૮ વર્ષના છાત્રો માટે રસીકરણ અભિયાન હાથ ધરાયુ છે. જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે દ્વારા પાલનપુર તાલુકામાં વેકસીનેશનનો પ્રારંભ આજે વિદ્યામંદિર સ્કૂલથી કરાવવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લો વેક્સિનેશન માં મોખરે છે. ત્યારે છાત્રોનું રસીકરણ અભિયાન પણ પાંચ દિવસમાં પૂરું કરવાનો નિર્ધાર ડીડીઓ સ્વપ્નિલ ખરે એ વ્યક્ત કર્યો હતો. પાલનપુર વિદ્યામંદિરમાં રસી લેનાર વિદ્યાર્થીની પાશ્વી પ્રજાપતિએ પણ કોરોના રસીની કોઈ આડ અસર ન હોઈ વિદ્યાર્થીઓને રસી મુકાવવા અપીલ કરી હતી. કોરોનાની ત્રીજી લહેરની દહેશતને લઈને શાળાઓ પણ કોરોના ગાઈડલાઈનનું પાલન કરી રહી છે. શાળામાં આવતા જતા વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ થર્મલ ગનથી ચેક કર્યા બાદ શાળામાં પ્રવેશ અપાય છે. ત્યારે શાળાના છાત્રો માટે વેકસીનેશન ઢાલ રૂપ પુરવાર થશે.

### ડીસાથી વેક્સીનેશનનો પ્રારંભ

બનાસકાંઠા જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષ ના છાત્રોના વેકસીનેશનનો આજથી પ્રારંભ થયો હતો. જે પ્રથમ જિલ્લા મુખ્યાલય પાલનપુરથી કરવાને બદલે વતનપ્રેમમાં મોહાંધ બનેલા આરોગ્ય વિભાગના એક અધિકારીએ ઉચ્ચ અધિકારીઓને ઉલ્ટા ચશ્માં પહેરાવી પહેલા ડીસાથી વેકસીનેશનનો પ્રારંભ કરાવ્યો હોવાનું ખુદ આરોગ્ય વિભાગ ના વર્તુળોમાં ચર્ચાસ્પદ બન્યું હતું.

## જેટકોની પરીક્ષામાં પેપર લીકનો મામલો

# પ્રાંતિજમાં ફરી પેપર લીક મામલે કરાયા આક્ષેપ

**જેટકોની પરીક્ષા આપીને નિકળેલ બાયડના વિદ્યાર્થીને પોલીસે ગાડી સાથે ઝડપી પાડયો : મિત પટેલ નામના વિદ્યાર્થીને પોલીસ પુછપરછ માટે લઈ ગઈ : ૧૨૦ની ત્રણ બેચમાં પરીક્ષા લેવાઇ હતી : બીજી બેચમાં મિત પટેલે પરીક્ષા આપી હતી**





પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સી.કે.પટેલ કેમ્પસમાં આવેલ ગ્લોબલ ઈન્સ્ટિટયૂટ દ્વારા લેવાઈ રહેલ જેટકો ની પરીક્ષા નુ પેપર લીક થયુ હોવાનુ યુવરાજસિંહ જાડેજા દ્વારા પરીક્ષાર્થીની કાર નંબર સાથે નામ જાહેર કર્યુ.

પ્રાંતિજ બાકલપુર રોડ ઉપર આવેલ સી.કે.પટેલ કેમ્પસ મા આવેલ ગ્લોબલ ઈન્સ્ટિટયૂટ દ્વારા લેવાઈ રહેલ જુનિયર સિવિલ એન્જિનિયર (જેટકો) ની પરીક્ષાનુ પેપર લીક થયુ હોવાનુ આપ વિધાર્થી નેતા એ ફરી એકવાર પેપર લીક મામલે ખુલાસો કરતા તંત્ર હરકત મા આવ્યુ હતુ અને યુવરાજ સિંહ જાડેજા દ્વારા પેપર લીક મામલે બાયડનો વિધાર્થી જે પ્રાંતિજ ખાતે કાર લઈ પેપર આપવા આવેલ વિધાર્થી નુ નામ અને કાર નંબર જાહેર કર્યો હતો જેથી પ્રાંતિજ બાકલપુર રોડ ઉપર સી.કે.પટેલ કેમ્પસ મા પરીક્ષા કેન્દ્ર બહાર યુવરાજ સિંહે જાહેર કરેલ ગાડી નંબર- GJ-09-AG393 પરીક્ષા કેન્દ્ર પાસે આવેલ મેદાન મા ખુલ્લી જગ્યા મા પાર્ક કરેલ જોવા મળી હતી તો પરીક્ષા કેન્દ્ર ખાતે ત્રણ બેચ મા પરીક્ષા યોજાઈ હતી જેમા એક બેચ મા ૧૨૦ વિધાર્થીઓ એમ કુલ ત્રણ બેચ મા ૩૬૦ વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમા મિત પટેલ નામ નો વિધાર્થી મિત પટેલે ૧૨l૩૦ થી ૨l૩૦ ની બીજી બેચ મા પરીક્ષા આપી હતી જેમા પરીક્ષા આપી ૨l૪૦ કાર પાસે મિત પટેલ આવતા તેણે જણાવ્યુ હતુ કે હુ આ બાબતે કશુ જાણતો નથી ત્યારે પ્રાંતિજ પોલીસ આવી પરીક્ષાર્થી મિત પટેલ ને તેની કાર સાથે પ્રાંતિજ પોલીસે ઝડપી લીધો હતો અને તેને જિલ્લા એલસીબી પોલીસ ને સોંપ્યા હતો.

# મગરવાડા નજીક ખેતરની તારની વાડમાં ફસાયેલ મોરને જીવતદાન

## નિવૃત્ત પોલીસ કર્મીએ મોરના બચ્ચાને બચાવી લીધું





ડીસા, તા. ૪

આગામી ઉતરાયણ પર્વની સાથે જીવદયા પ્રેમીઓ દ્વારા પક્ષી બચાવો અભિયાન શરૂ કરવામાં આવી રહ્યા છે ત્યારે તાજેતરમાં જ વડગામ તાલુકાના મગરવાડા ગામના નિવૃત્ત પોલીસ કર્મી એવા ગણેશભાઈ ચૌહાણે ખેતર ફરતે બનાવેલી તારની વાડમાં ફસાયેલા રાષ્ટ્રીય પક્ષી મોરના બચ્ચાને બચાવી સુરક્ષિત જગ્યાએ મૂકી જીવતદાન આપ્યું હતું.

આ ઘટનાની વિગત એવી છે કે વડગામ તાલુકાના મગરવાડા ગામના નિવૃત્ત પોલીસ કર્મી એવા ગણેશભાઈ ચૌહાણ ગત રોજ પોતાની પુત્રવધુનું ડીસાની ખાનગી હોસ્પિટલમાં પિત્તાશયનું ઓપરેશન કરાવેલ હોઈ ગણેશભાઈ ડીસા પુત્રવધુના સમાચાર લઈને પરત મગરવાડા પોતાના ઘરે આવી રહ્યા હતા. ત્યારે મગરવાડા નજીક ભાંગરોડીયા ગામની સીમમાં એક ખેતર ફરતે આવેલી તારની વાડમાં રાષ્ટ્રીય પક્ષી મોરના બચ્ચાને ફસાયેલી હાલતમાં જોઈ જતાં પળનો વિલંબ કર્યા વગર તાત્કાલિક અસરથી મોરના બચ્ચાને બચાવી લીધું હતું અને બચ્ચાને સુરક્ષિત જગ્યાએ મૂકી જીવદયાનું અનોખું કાર્ય કર્યું હતું.

# ધાનેરામાં પત્રકાર એસોસિયેશન દ્વારા જરૂરિયાતમંદ લોકોને સ્વેટર તેમજ ધાબળા વિતરણ કરાયું

ધાનેરા તા.૪

પત્રકાર એસોસિયન ધાનેરા દ્વારા અવાર-નવાર સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે જેમાં આજે દર વર્ષની જેમ આ વર્ષે પણજરૂરીયાત મંદ લોકોને સ્વેટર તેમજ ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું હતું ઝૂંપડપટ્ટી રેલ્વે સ્ટેશન તેમજ બજારમાં ફરતા ભિક્ષુકો સહિત ધાનેરાની કેટલીક હોસ્પિટલોમાં પણ જરૂરીયાતમંદ લોકોને ધાબળા તેમજ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું તો બીજી તરફ ઝૂપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકોને સ્વેટર તેમજ ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું પત્રકાર એસોસિએશન દ્વારા ઉનાળાની સિઝનમાં ચપ્પલ વિતરણ કોરોના મહામારી દરમિયાન રસોડા ની કીટ વિતરણ સહિતના વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે ત્યારે આ સેવાકીય કાર્યોને લઈ ધાનેરાના લોકો પણ પત્રકાર એસોસિએશનમાં કામગીરીને બિરદાવી રહ્યા છે આજના કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રતાપ ભાઈ સોલંકી પત્રકાર રાજનભાઈ ચૌધરી ધીરજભાઈ પરમાર સુરેશભાઈ ગલચર બાજુભાઈ વણકર વિષ્ણુભાઈ બારોટ પટેલ પરખાજી પટેલ ભરતભાઈ પરમાર સુલ્તાનભાઈ પઠાણ રાજુભાઈ જોશી ધાનેરા પત્રકાર એસોસિયેશનના તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા ઉપસ્થિત રહેનાર તમામ લોકોનો પત્રકાર એસોસિયેશનના પ્રમુખ સુરેશભાઈ ગલચર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.



# પ્રાંતિજ ખાતે ફૂટવેરમાં કમરતોડ ૧૨ ટકા જીએસટીના વધારા સામે વેપારીઓમાં રોષ



પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માં ફૂટવેર ના વેપારીઓ સરકાર દ્વારા ફૂટવેરમાં ૫ ટકા ય્જીમાંથી ૧૨ ટકા ય્જીનો વધારો કરતા પ્રાંતિજ ના તમામ ફૂટવેરના વેપારીઓ દ્વારા આજે સવારે દુકાનો બંધ કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો અને પ્રાન્ત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું

પ્રાંતિજ ફૂટવેર એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકાર દ્વારા જો કાપડ પરનો ૧૨ ટકા GST દૂર કરવામાં આવે તો ફૂટવેર પરનો ૧૨ ટકા GST શા માટે દૂર કરવામાં ન આવે સાથે જ તેમણે જણાવ્યું હતું કે ગરીબ અમીર સૌને ફૂટવેરની જરૂર પડતી હોય છે તે માટે પ્રાન્ત કચેરી ખાતે જઈ ને નાયબ મામલતદાર મીનાક્ષીબેન દામા ને આવેદનપત્ર આપી ને સરકારને રજુઆત કરીએ છીએ કે ફૂટવેર પરનો ૧૨ ટકા GST દૂર કરવામાં આવે ફૂટવેર પર ઝીંકાયેલા ય્જીના વધારાને દૂર કરવામાં માગ કરી હતી તો આજે રાજયભરમાં ફૂટવેરના વિવિધ વેપારી મંડળો દ્વારા ફૂટવેરમાં કરાયેલા કમરતોડ GST ના વધારા સામે દુકાનો બંધ પાડીને વિરોધ કરાયો હતો ત્યારે પ્રાંતિજ ફૂટવેર એસોસિએશન દ્વારા પણ ફૂટવેરમાં કરાયેલા ૧૨ ટકા GST ના વધારાનો વિરોધ કર્યો હતો અને પ્રાંતિજ પ્રાન્ત ઓફિસ ખાતે આવેદનપત્ર પાઠવી GST નો વધારો પાછો ખેંચવાની રજુઆત કરી હતી.

# જન્મદિને વધામણી



કૌશિકભાઇ નટવરભાઈ પટેલ
શ્રીજીચરણ સોસાયટી, બાયડ



મેઘાબહેન ડો.વિરલકુમાર ઠેકડી
વડોદરા, મોડાસા

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# સાબરકાંઠાની સરકારી કચેરીઓમાં પ્રવેશ માટે કોરોના વેક્સીનનુ સર્ટીફિકેટ ફરજીયાત

બાયડ તા.૪

સાબરકાંઠા જિલ્લાની તમામ સરકારી, અર્ધસરકારી કચેરીઓ,બોર્ડ, કોર્પોરેશન, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા ઉપક્રમોમાં આવતા મુલાકાતીઓ એ કોરોનાની રસીના બંને ડોઝ લીધા છે કે કેમ તે પ્રમાણપત્રના આધારે ખાત્રી કર્યા બાદ જ કચેરીમાં પ્રવેશ અપાય તે માટે સંબંધિત કચેરીઓએ વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. અત્રેના જિલ્લાના બહુમાળી ભવનમાં સરકારી કામોથી આવતા અરજદારોએ રસીકરણનું પ્રમાણપત્ર ફરજિયાત બતાવ્યા બાદ જ કચેરીમાં પ્રવેશ આપવામાં આવશે એમ નિવાસી અધિક કલેકટરશ્રી સાબરકાંઠા હિંમતનગરથી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બનાસકાંઠામાં કોલેજના છાત્રો દ્વારા ઓનલાઈન પરીક્ષા લેવા માંગ

**કોરોનાની ત્રીજી લહેરની દહેશત વચ્ચે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા ઓફલાઇનને બદલે ઓનલાઈન લેવાની માંગ**

પાલનપુર તા. ૪

બનાસકાંઠાના કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઓમીક્રોનની દહેશત વચ્ચે આગામી ૬ જાન્યુઆરીથી શરૂ થનારી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ઓફલાઈન લેવાનારી પરીક્ષાઓ સામે વિરોધ જતાવ્યો છે. છાત્રોએ આ પરીક્ષાઓ ઓનલાઈન લેવાની માંગ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી હાલમાં કોવિડ ૧૯ ની પરિસ્થિતિ ચાલી રહી છે. રોજેરોજ કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. જેમાં ઉત્તર ગુજરાતના પણ કેસોમાં વધારો જોવા મળે છે. ત્યારે હેમચંદ્રા ચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બનાસકાંઠાની દરેક કોલેજોમાં યુનિવર્સિટીની ઓફલાઈન પરીક્ષા ૬ જાન્યુઆરીના રોજ લેનાર છે. જ્યારે અન્ય યુનિવર્સિટી જોડાયેલ તમામ કોલેજોમાં ઓફલાઈન પરીક્ષા આયોજન થઈ રહ્યું છે.

છેલ્લા ૪૦ દિવસોથી વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ભૂખ હડતાલ આંદોલન વગેરે રજૂઆત કરવા છતાં યુનિવર્સિટી દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવેલ નથી. જે અંગે બનાસકાંઠા ના વિદ્યાર્થીઓ દ્વારા ૬ જાન્યુઆરી લેવામાં આવતી પરીક્ષા ઓફલાઈન ની જગ્યાએ ઓનલાઈન લેવામાં આવે તેવી માંગ સાથે બનાસકાંઠા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતું.

# બનાસકાંઠામાં આધારકાર્ડથી જ રાશનના વિતરણથી પુરવઠાની પોલનો પર્દાફાશ...

**આધારકાર્ડથી જ રાશન વિતરણના આદેશને પગલે દુકાનોમાં ૩૦% જથ્થાનું જ વિતરણ : કલેકટરના આદેશથી આધારકાર્ડ ફરજીયાત થતા ભૂતિયા રેશનકાર્ડની પોલ ખુલી : અગાઉ ૧૦૦ ટકા વિતરણ બતાવનાર દુકાનદારો સામે તટસ્થ તપાસ કરવા માંગ**

પાલનપુર તા. ૪

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા કલેકટરે આધારકાર્ડથી જ રાશન વિતરણ કરવાના કરેલા આદેશને પગલે પુરવઠા તંત્રની પોલ ખુલી જવાની સાથે કાળા બજારમાં પગ કરી જતો અંદાજે રૂ.૧ કરોડનો ૪૦૦૦ બોરી જેટલો અનાજનો જથ્થો વિતરણ થયો ન હોવાની ગંભીર વિગતો પ્રાપ્ત થઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં ગરીબોનો કોળિયો છીનવી જનારા અનાજ માફિયાઓ દ્વારા અનાજનો પુરવઠો કાળા બજારમાં પગ કરી જતો હોવાની વફરિયાદો ઉઠી છે. છતાં જિલ્લા પુરવઠા તંત્રના આંખમીચામણાને લઈને અનાજ માફિયાઓ બેફામ બન્યા હોવાની રાડ ઉઠી છે. ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આધારકાર્ડથી જ રાશન વિતરણ કરવાનો આદેશ કરી ડિસેમ્બર માસના અંત સુધીમાં રાત્રે ૧૨ વાગ્યા સુધી પણ દુકાનો ખુલ્લી રાખી જરૂરિયાત મંદો સુધી અનાજનો જથ્થો પહોંચાડવાની તાકીદ કરી હતી.

જોકે, જિલ્લા કલેકટરના આદેશને પગલે પાલનપુર તાલુકાની ૧૪૪ સસ્તા અનાજની દુકાનો કે જ્યાં મોટાભાગે અગાઉ ૧૦૦ % રાશન વિતરણ થતું હતું. જેમાં આ વખતે ધરખમ ઘટાડો નોંધાયો છે. તાલુકાની ૭૧ જેટલી દુકાનોમાં ૧૦૦% ને બદલે ૩૦%થી ૮૫ % જેટલા રાશનનું જ વિતરણ થયું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આધારકાર્ડ ફરજીયાત કરાતા ભૂતિયા રાશન કાર્ડનો જથ્થો પડી રહ્યો હોવાના કારણે વિતરણની ટકાવારીમાં ધરખમ ઘટાડો થયો હોવાનું બહાર આવ્યું છે. જેના પગલે સસ્તા અનાજના દુકાનદારો અને તેમની પર રહેમ નજર રાખનાર પુરવઠા તંત્રની કથિત સાંઠગાંઠ ખુલ્લી પડી હોવાનું છડેચોક ચર્ચાઈ રહ્યું છે. જોકે, કલેકટરના આદેશને પગલે સરકારનો રૂ.૧ કરોડનો અનાજનો કાળા બજારમાં પગ કરી જતો અનાજનો જથ્થો બચ્યો હોવાની પણ ચર્ચાએ વેગ પકડ્યો છે. ત્યારે અગાઉ ૧૦૦% રાશન વિતરણ બતાવી અનાજનો જથ્થો ઓહિયા કરી જનારા કેટલાક દુકાનદારો સામે તટસ્થ તપાસ કરી તેઓની પાસેથી રિકવરી કરાય તેવી માંગણી ઉઠી છે.

# અવસાન નોંધ



મોડાસા તાલુકાના સરડોઈ નિવાસી રાજેશ ભાઈ ( રાજુ ભાઈ) અમૃતલાલ નાયક નું તા.૪/૧/૨૦૨૨ ને મંગળવારે નિધન થયેલ છે. સદગતનું બેસણું / સૂતક તા.૧૦/૧/૨૦૨૨ ને સોમવારે રાખેલ છે.